સુવિચાર : તિજોરી ખોલુંને ભલે કાંકરા નીકળે... પ્રાર્થના કરું ઘડપણમાં દીકરા સારા નીકળે... - દિનેશ પંચાલ

તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૪૨ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૬૨ | ૩ ડિસેમ્બર, ૨૦૧૫, ગુરૂવાર ; કારતક વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પાલિકામાં ભાજપ-પંચાયતમાં કોંગ્રેસની જમાવટ

## રાજ્યની છ મહાનગરપાલિકાઓમાં કેસરીયો લહેરાયો : ૫૬ નગરપાલિકામાંથી ૪૧ પર કમળ ખીલ્યુ જ્યારે ૩૧ જિલ્લા પંચાયતોમાંથી ૨૨ પંચાયતો પર કોંગ્રેસનો ઝળહળતો વિજય : તાલુકા પંચાયતોમાં પણ કોંગ્રેસનો જંગી સફળતા

### નગરપાલિકામાં કોણે ક્યાં બાજી મારી

| નગરપાલિકા | કોણ જીત્યું |
|---|---|
| ધોળકા | ભાજપ |
| અમરેલી | કોંગ્રેસ |
| આણંદ | ભાજપ |
| પેટલાદ | કોંગ્રેસ |
| પાલનપુર | ભાજપ |
| ભરૂચ | ભાજપ |
| મહુવા | ભાજપ |
| દાહોદ | ભાજપ |
| દહેગામ | ભાજપ |
| ખંભાળિયા | ભાજપ |
| કેશોદ | ભાજપ |
| અંજાર | ભાજપ |
| ભુજ | ભાજપ |
| કપડવંજ | ભાજપ |
| કડી | ભાજપ |
| મહેસાણા | કોંગ્રેસ |
| રાજપીપળા | ભાજપ |
| નવસારી | ભાજપ |
| પાટણ | કોંગ્રેસ |
| પોરબંદર | ભાજપ |
| ગોધરા | ભાજપ |
| ગોંડલ | ભાજપ |
| હિંમતનગર | ભાજપ |
| બારડોલી | ભાજપ |
| વ્યારા | ભાજપ |
| વિરમનગર | ભાજપ |
| બગસરા | કોંગ્રેસ |
| ઉમરેઠ | ભાજપ |
| બોરસદ | અપક્ષ |
| ડીસા | ભાજપ |
| જંબુસર | ટાઈ |
| પાલિતાણા | ભાજપ |
| કલોલ | ભાજપ |
| માંડવી | ભાજપ |
| નડિયાદ | ભાજપ |
| વિસનગર | કોંગ્રેસ |
| સિદ્ધપુર | ભાજપ |
| સચિન | ભાજપ |
| બોપલ-ધુમા | ભાજપ |
| સાવરકુંડલા | કોંગ્રેસ |
| ખંભાત | ભાજપ |
| અંકલેશ્વર | ભાજપ |
| ગાંધીધામ | ભાજપ |
| ઊંઝા | અપક્ષ |
| કડોદરા | ભાજપ |
| વઢવાણ | કોંગ્રેસ |
| ડભોઈ | કોંગ્રેસ |
| બોટાદ | ભાજપ |
| વેરાવળ | ભાજપ |
| મોરબી | કોંગ્રેસ |
| મોડાસા | ભાજપ |
| લીંબડી | ભાજપ |
| પાદરા | ભાજપ |
| ઊંના | ભાજપ |
| વાંકાનેર | ભાજપ |


(તસવીર : દિપક જાની)

અમદાવાદ,તા. ૨
રાજ્યમાં શહેરી વિસ્તારમાં ભાજપનો દબદબો યથાવત રહ્યો છે જ્યારે ગ્રામીણ વિસ્તારમાં કોંગ્રેસ ફરીથી મુળ સ્થાને આવી ગઈ છે. રાજ્યના ૬ મહાનગરપાલિકાઓ અને ૪૦ નગરપાલિકાઓમાં કેસરીયો લહેરાયો છે. શહેરી વિસ્તારો પરની ભાજપની પકડ યથાવત રહી છે. જ્યારે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોમાં કોંગ્રેસ શક્તિશાળી થઈ બહાર આવ્યું છે. રાજ્યની ૩૧ જિલ્લા પંચાયતોમાંથી ૨૧ જિલ્લા પંચાયત પર સત્તા હાંસલ કરતા કોંગ્રેસે ૨૦૧૭ માટે પડકારજનક સ્થિતિ નિર્માણ કરી છે. આમ કોંગ્રેસ અને ભાજપ મતની દૃષ્ટિએ કશમેકશ રહ્યા છે. હજુ જેમ જેમ ચૂંટણી વિશ્લેષણો બહાર આવશે તેમ તેમ આવનારા દિવસોનું રાજકીય ચિત્ર સ્પષ્ટ બનશે.

ગુજરાતમાં જિલ્લા અને તાલુકા પંચાયતમાં ધારણા પ્રમાણે જ કોંગ્રેસે જોરદાર સપાટો બોલાવ્યો હતો. કોંગ્રેસે ૩૧ જિલ્લા પંચાયતો પૈકી ૨૨ જિલ્લા પંચાયતમાં સપાટો બોલાવી દીધો હતો અને કમળને કચડી નાંખવામાં સફળતા મેળવી હતી. પાટીદાર સમુદાયના પરિબળ વચ્ચે ભાજપને પીછેહઠનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસે ૩૧ જિલ્લા પંચાયત પૈકી ૨૨માં જીત મેળવીને શાનદાર વાપસી કરી હતી. બાકી જગ્યાએ ભાજપે જીત મેળવી હતી. આવી જ રીતે ૨૩૦ તાલુકા પંચાયતમાંથી ૧૫૦થી પણ વધુમાં કોંગ્રેસે વિજય મેળવ્યો હતો. આવી જ રીતે ૫૬ નગરપાલિકામાં ભાજપે ૪૦માં જીત મેળવી છે. ૧૧ પાલિકામાં કોંગ્રેસનો વિજય થયો છે. જુદા-જુદા પરિણામોને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વર્તમાન ચુંટણીથી લાગે છે કે શહેરી વિસ્તારોમાં ભાજપનો દબદબો રહ્યો છે. જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં કોંગ્રેસે ગાબડા પાડવામાં સફળતા મેળવી હતી. અગાઉ ૫૬ નગરપાલિકા, ૩૧ જિલ્લા અને ૨૩૦ તાલુકા પંચાયતની ચુંટણી માટે મતદાન યોજાયા બાદ આજે સવારે મતગણતરી શરૂ થઈ હતી. ધારણા પ્રમાણે જ કોંગ્રેસે અનેક જગ્યાએ જોરદાર સપાટો બોલાવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

### ૫૬ નગરપાલિકામાંથી ૪૦માં ભાજપની જીત

ભાજપે અમદાવાદ સહિત છ મહાનગરપાલિકામાં ૬માંથી ૬ જીતી લેવામાં સફળતા મેળવી છે. આ તમામ મહાનગરપાલિકા જાળવી રાખવામાં ભાજપે સફળતા મેળવી છે. સાથે-સાથે ૫૬ નગરપાલિકા પૈકી ૪૦ નગરપાલિકામાં પણ ભાજપનો વિજય થયો છે. ૧૧ પાલિકામાં કોંગ્રેસનો વિજય થયો છે. પાટીદાર ગામડાઓમાં પણ ભાજપને મોટી સફળતા મળી છે.

### કઈ જિલ્લા પંચાયતમાં કોને કેટલી બેઠક

| જિલ્લા પંચાયત | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ગાંધીનગર | ૫ | ૨૫ | ૦ |
| મોરબી | ૨ | ૨૨ | ૦ |
| અમરેલી | ૪ | ૩૦ | ૦ |
| સુરેન્દ્રનગર | ૧૦ | ૨૪ | ૦ |
| તાપી | ૫ | ૨૧ | ૦ |
| છોટાઉદેપુર | ૧૦ | ૨૧ | ૧ |
| જામનગર | ૭ | ૧૭ | ૦ |
| બોટાદ | ૩ | ૧૫ | ૦ |
| પાટણ | ૧૦ | ૨૨ | ૦ |
| અરવલ્લી | ૮ | ૨૧ | ૧ |
| દ્વારકા | ૯ | ૧૧ | ૨ |
| સાબરકાંઠા | ૭ | ૨૮ | ૦ |
| વડોદરા | ૧૦ | ૨૧ | ૦ |
| ભાવનગર | ૧૬ | ૨૨ | ૦ |
| સુરત | ૨૭ | ૧૨ | ૧ |
| રાજકોટ | ૧ | ૩૫ | ૦ |
| મહિસાગર | ૧૧ | ૧૫ | ૦ |
| આણંદ | ૧૨ | ૩૦ | ૦ |
| જુનાગઢ | ૩ | ૨૭ | ૦ |
| મહેસાણા | ૯ | ૩૩ | ૦ |
| ડાંગ | ૯ | ૯ | ૦ |

# રાજ્યની તમામ મનપામાં કમળ પુનઃ ખીલ્યું

### છ મનપા પરિણામો

છ મહાનગરપાલિકાની ચૂંટણી માટે આજે મતગણતરી યોજાયા બાદ વર્ષ ૨૦૧૦ની જેમ જ તમામ જગ્યાઓએ ભાજપે સત્તા જાળવી રાખવામાં સફળતા મેળવી હતી.

| અમદાવાદ | |
|---|---|
| કુલ બેઠક | ૧૯૨ |
| પરિણામ જાહેર | ૧૯૨ |
| ભાજપની જીત | ૧૪૨ |
| કોંગ્રેસની જીત | ૪૯ |
| અન્યોની જીત | ૦૧ |

| વડોદરા | |
|---|---|
| કુલ બેઠક | ૭૬ |
| પરિણામ જાહેર | ૭૬ |
| ભાજપની જીત | ૫૪ |
| કોંગ્રેસની જીત | ૧૪ |
| અન્યોની જીત | ૦૪ |

| સુરત | |
|---|---|
| કુલ બેઠક | ૧૧૬ |
| પરિણામ જાહેર | ૧૧૬ |
| ભાજપની જીત | ૮૦ |
| કોંગ્રેસની જીત | ૩૬ |
| અન્યોની જીત | ૦૦ |

| રાજકોટ | |
|---|---|
| કુલ બેઠક | ૭૨ |
| પરિણામ જાહેર | ૭૨ |
| ભાજપની જીત | ૩૮ |
| કોંગ્રેસની જીત | ૩૪ |
| અન્યોની જીત | ૦૦ |

| ભાવનગર | |
|---|---|
| કુલ બેઠક | ૫૨ |
| પરિણામ જાહેર | ૫૨ |
| ભાજપની જીત | ૩૪ |
| કોંગ્રેસની જીત | ૧૮ |
| અન્યોની જીત | ૦૦ |

| જામનગર | |
|---|---|
| કુલ બેઠક | ૬૪ |
| પરિણામ જાહેર | ૬૪ |
| ભાજપની જીત | ૩૮ |
| કોંગ્રેસની જીત | ૨૪ |
| અન્યોની જીત | ૦૨ |

## અમદાવાદ કોર્પોરેશનમાં ભાજપને ૧૯૨ પૈકી ૧૪૨ બેઠક મળી

## સુરત, ભાવનગર, વડોદરા, જામનગર, રાજકોટમાં ભગવો લહેરાયો

અમદાવાદ,તા. ૨
અમદાવાદ સહિત તમામ છ મહાનગરપાલિકામાં શાસન જાળવી રાખવામાં ભાજપે આખરે સફળતા મેળવી હતી. મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો જાદુ શહેરી વિસ્તારમાં અકબંધ રહ્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીમાં ભાજપને ૧૪૨ બેઠકો મળી છે. જે વર્ષ ૨૦૧૦માં મળેલી ૧૫૧ બેઠક કરતાં ઓછી છે. પરંતુ પ્રતિકૂળ સંજોગો હોવા છતાં ભાજપે શહેરી વિસ્તારમાં શાનદાર દેખાવ કર્યો છે. અમદાવાદમાં કુલ ૧૯૨ બેઠકો પૈકીના તમામ પરિણામ મોડી સાંજે જાહેર થઈ ગયા હતા. જે પૈકી ભાજપે ૧૪૨ અને કોંગ્રેસે ૪૯ બેઠકો જીતવામાં સફળતા મેળવી હતી. આવી જ રીતે અન્યને એક બેઠક મળી હતી. જ્યારે સુરતમાં શરૂઆતમાં ગળાકાપ સ્પર્ધા રહ્યા બાદ ભાજપે જીત મેળવી લેવામાં સફળતા મેળવી હતી. ભાજપે ૧૧૬ પૈકીની ૮૦ બેઠકો જીતી લીધી હતી. જ્યારે કોંગ્રેસને ૩૬ બેઠકો હાથ લાગી હતી. ભાવનગરમાં ૫૨ પૈકીની ૩૪ બેઠકો ઉપર ભાજપે જીત મેળવી હતી. જ્યારે કોંગ્રેસને ૧૮ બેઠકો મળી હતી. જ્યારે વડોદરામાં ૭૬ પૈકીની

● અનુસંધાન પાન-૭ પર

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

ગાંધીનગરમાં ઈચ્છો ત્યાં ગરમા ગરમ ઘર જેવું ભોજન...
બપોરે : રોટલી, શાક, કઠોળ, દાળ-ભાત, સલાડ
સાંજે : ભાખરી, શાક, ખિચડી અને દૂધ અથવા જે તે દિવસના મેનુ પ્રમાણે


ફ્રી હોમ ડીલિવરી
આસ્થા ટિફિન
સંપર્ક : રાજેશ પટેલ
564, સેક્ટર-8-બી, ગાંધીનગર.
ફોન. 94094 28284, 98982 68159

ઠંડીમાં ગરમા ગરમ સાત્વિક અને સ્વાદિષ્ટ રજવાડી ખિચડી*
શિયાળાની શરૂઆત સાથે જ સ્વાદસભર મેનૂમાં મજેદાર વાનગીઓનું આગમન...!
આવો, એકવાર ચાખી જુઓ..


*સાંજે ૬ થી રાત્રે ૧૦ સુધી ઉપલબ્ધ
અમે આપનો સ્વાદ જાણીએ છીએ...
we know your taste!
pooja PARLOUR
બી-૮, ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
ફોન : 079-232 45555, 232 21162